# રમતમાં ડર્ટી પોલીટિક્સ

વિતેલા વર્ષો દરમિયાન ભારતીયોને બૂથ કેપ્ચરિંગ, પૈસા લઇને મત આપવા, ગેરકાયદે મતદાન વગેરે જેવી ડર્ટી પોલીટિક્સની જાણકારી રહી છે, પણ રાજકીય રીતે અસ્થિર એવા રાજસ્થાન રાજ્યમાંથી જે બાબતો બહાર આવી રહી છે તેની જાણકારી તેમને ક્યારેય રહી નથી.

મારો કહેવાનો અર્થ એ છે કે નીચે જણાવેલા તથ્યોને અન્ય કેવી રીતે સ્પષ્ટ કરી શકાય :

એ) સાતમી માર્ચે અમીન પઠાણની ટાઇમલાઇન પર એક અપીલ પોસ્ટ કરવામાં આવી હતી, જેમાં લોકોને ૯મી માર્ચે સવારે નવ વાગ્યે એસએમએસ સ્ટેડિયમ ખાતેના આરસીએ સંકુલે પહોંચવાની ભલામણ કરવામાં આવી હતી, કેમ કે અમીન સ્પર્ધા ખેડી રહ્યા હતાં.

મતદાનના દિવસે હિંસાની દહેશત અંગેની સૂચના આરએસએસસીના ચેરમેન તથા જયપુરના પોલીસ કમિશનર, બન્નેને સમયસર રીતે અને યથાયોગ્ય રીતે આપવામાં આવી હતી.

બી) થોડાક દિવસ પહેલા નો કોન્ફિડન્સ મોશનનો વિરોધ કરી રહેલા મારા ટેકેદારોના જૂથને લઇ જતી એક બસ જયપુરમાં સવારે ૧૦:૫૦ કલાકની આસપાસ જ્યારે રામ બાગ અને આંબેડકર સર્કલે પહોંચી ત્યારે તેના ઉપર બંદૂક, તલવારો, મોટા છરા અને લોખંડના સળિયા ધરાવતા ગુંડાઓના એક ટોળાએ હુમલો કર્યો હતો.

સી) આ વાહનોને અટકાવવામાં આવ્યા હતાં અને ગુંડાઓ બળજબરીપૂર્વક બસમાં ઘૂસી ગયા અને તેમણે બસમાં બેઠેલા લોકોને મારવાનું શરૂ કર્યું છે. આ હુમલામાં આશરે ૧૫ લોકો ઘવાયા હતા અને તેમને જયપુરની હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા હતાં. આ ટોળાએ વાહનો ઉપર પણ ભારે પત્થરમારો કર્યો હતો, જેના લીધે આરસીએના ઘણાં સદસ્યો પણ ઇજાગ્રસ્ત થયા છે.

ડી) આ પૂર્વઆયોજિત હુમલાનો આશય અવિશ્વાસના પ્રસ્તાવનો વિરોધ કરી રહેલા સદસ્યોને ડરાવવાનો અને તેમને બેઠકમાં ભાગ લેતા અટકાવવાનો હતો.

ઇ) આ હુમલા તથા અંગત રીતે ઇજાગ્રસ્ત થયા હોવા છતાં આરસીએના સદસ્યો જ્યારે ૧૧:૦૫-૧૫ વાગ્યાની આસપાસ બેઠકના સ્થળે પહોંચ્યાં ત્યારે તેમને બેઠકના હોલના દરવાજે આરએસએસસીના સ્ટાફ અને પોલીસ કર્મચારી દ્વારા એવું કહીને અટકાવી દેવામાં આવ્યા હતાં કે તમે મોડાં પહોંચ્યાં છો અને બેઠક શરૂ થઇ ચૂકી છે.

એફ) આરએસએસસી દ્વારા આ બેઠકનો સમય સવારે ૧૧ થી બપોરે બે વાગ્યાની વચ્ચે નિર્ધારિત કરવામાં આવ્યો હોવા છતાં આમ બન્યું હતું.

જી) દરમિયાન આરએસએસસીના ચેરમેનને પરિસ્થિતિની જાણ કરતા શ્રેણીબદ્ધ ટેક્સ્ટ મેસેજ અને ઇમેઇલ મોકલવામાં આવ્યા હતાં. આ બધુ થયું હોવા છતાં આરએસએસસીના ચેરમેને માત્ર આ પ્રસ્તાવ મૂવ કરનારા સદસ્યોની ઉપસ્થિતિમાં જ અવિશ્વાસના પ્રસ્તાવ સાથે આગળ વધવાનું પસંદ કર્યું હતું અને કોઇને વિરોધ કરવાની છૂટ મળી નહોતી. ખાસ વાત એ હતી કે પ્રસ્તાવનો વિરોધ કરવા ઇચ્છતા તમામ સદસ્યોને બેઠકમાં ઉપસ્થિત રહેવાની તથા મતદાન કરવાની છૂટ આપવામાં આવી નહોતી.

આ બધુ ધોળા દિવસે અને સ્થાનિક જયપુર પોલીસના કાર્યક્ષેત્રની અંદર બન્યું હતું, જેણે કશું નહીં કરવાનું પસંદ કર્યું હતું. આનાથી મને આ સવાલ પૂછવાનું મન થાય છે :-

**શું મુખ્ય પ્રધાન પણ આ શરમજનક બનાવમાં સંડોવાયેલા હતાં?**

રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને શું થયું છે? કે પછી શું રાજસ્થાન રાજ્ય આપણા મહાન રાષ્ટ્રના અન્ય કેટલાક રાજ્યની જેમ રાજકીય રીતે અસ્થિર અને કાયદાવિહીન રાજ્યમાં ફેરવાઇ ગયું છે – આજે આ રાજ્યનો વાઇલ્ડ વેસ્ટની જેમ વહીવટ કરાઇ રહ્યો છે.

આ અત્યંત ધૃણાસ્પદ કામ ગુંડાઓએ કર્યું છે અને રમત-વિરોધી મવાલીઓએ આ દેશમાં રમતના નામને બટ્ટો લગાડ્યો છે. ગુલાબી શહેરમાં સર્જાયેલા આ ઘટનાક્રમને હું જયપુર જેલબ્રેક તરીકે ઓળખવા ઇચ્છું છું. આ બનાવે મને ખુબ જ દુ:ખ પહોંચાડ્યું છે.

અમારી પાસેથી આ રમતનું નિયંત્રણ મેળવવા માટે ગુંડાઓનું એક જૂથ પ્રયાસ કરી રહ્યું છે. અમે પ્રથમ પ્રયાસની જેમ જ રમતને વહીવટના મુખ્ય એજન્ડામાં ફરી લાવીને મૂકવા માટે ચૂપચાપ પ્રયાસ કરી રહ્યા હતાં. પરંતુ દુઃખની વાત એ છે કે અમારા હરીફોના ટોપ એજન્ડામાં રમત ક્યારેય હતી નહીં.

તેઓ માત્ર રમતના હિતના ભોગે સત્તા મેળવવા ઇચ્છે છે. આ દેશમાં રમતનો સામાન્યપણે જે રીતે વહીવટ કરાય છે તે પદ્ધતિનું આ એક દુઃખદ પ્રતિબિંબ છે, જેમાં બાવડાનું બળ બઝર્વડ બની ગયો છે. જેન્ટલમેન'સ્ ગેમ કહેવાતી ક્રિકેટને આ પ્રકારની વર્તણૂકનો ભોગ કેવી રીતે બનવા દેવાય? અમને મત આપનારા લોકોની ઇચ્છાનને શા માટે માન આપી શકાય નહીં?

આ સંગઠનની સત્તાથી દૂર રહીને અમારા સમયની પ્રતીક્ષા કરવાનો અમે નિર્ણય કર્યો છે, એવી જ રીતે યોગ્ય વિચારસરણી ધરાવતા અને લોકશાહીને ચાહનારી દરેક વ્યક્તિએ આવું જ કરવું જોઇએ. આપણી પાસે શું હતું એ સત્તાની નરી લાલચનું વરવું પ્રદર્શન માત્ર છે. આ બીજું કશું નહીં પણ સત્તાનું નિયંત્રણ અને આકર્ષણ માત્ર છે.

જ્યારે અડધા કરતા વધુ પણ પ્રતિનિધિઓ ઉપર હુમલો કરવામાં આવ્યો હોય ત્યારે બેઠક આગળ કેવી રીતે ચલાવી શકાય? આ વાત મારી સમજની બહાર છે. દેખીતી રીતે જ અપરાધીઓ દ્વારા ક્રિકેટ પ્રત્યે પ્રામાણિક લોકો પર હુમલા કરવામાં આવી રહ્યાં છે. લોકશાહીના સિદ્ધાંતોની આ હડહડતી મજાક છે. ક્રિકેટના પ્રામાણિક ટેકેદારો ઉપર હુમલા થવા એ આ રાજ્યમાં કંગાળ પરિસ્થિતિનું એક દુઃખદ વૃતાંત હતાં.

મને કહેતા દુઃખ થાય છે પણ સોમવારે જયપુરમાં અમે જે કંઇ જોયું એ હત્યા કરતા જરા પણ ઓછું નહોતું. લોકશાહીની હત્યા. ક્રિકેટના એ તમામ બહાદુર સિપાહીઓને હું સલામ કરુ છું જેમણે રાજસ્થાનના ક્રિકેટની ક્રિમિનલ ગેંગએ આપેલા ઘા સહન કર્યાં છે.

આ બેઠકના અધ્યક્ષપદે જે. સી. મોહંતી હતા, જેઓ રાજ્ય સરકારમાં પણ સંયોગવશાત્ એક પદ ધરાવે છે. તેમણે આ હિંસામાં પઠાણ જૂથ વિરુદ્ધના આક્ષેપોને આગળ ધપાવવા જોઇએ. તેના બદલે અમને તેઓ પઠાણ લાઇનને વળગી રહેલા જોવા મળ્યા હતાં. આ રમતની છબિને નુકસાન પહોંચાડી શકે એવી કોઇ બાબત હોય તો એ આ જ છે. પઠાણ ગેંગને રાજ્ય સરકારનો ટેકો એ "ફિક્સ્ડ મેચ"નો સંકેત પાઠવે છે.

અમારા જૂથના સદસ્યોના લોકોની ઉપસ્થિતિના અભાવથી અધ્યક્ષને કંઇક ખુટતું હોવાનું ભાન થવું જોઇતું હતું. તેના બદલે અધ્યક્ષ પઠાણ જૂથ સાથે આગળ વધી ગયા. એવું જણાય છે આ બેઠકમાં તમામ સંબંધિત લોકોનો એક છૂપો એજન્ડા હતો.

નિર્ણાયક, જ્યૂરી અને ગુનેગાર – આ બધા એક તરફ હતાં. ન્યાય મળે નહીં તેમાં કોઇ નવાઇની વાત નથી.

જો આ વૃત્તાંત આવનારા સપ્તાહો, મહિનાઓ અને વર્ષો માટેનો હોય – તો હું માનું છું કે આપણી રમત માટે આશાનું કોઇ કિરણ નથી!!!

રાજસ્થાન જેવા ભવ્ય રાજ્યમાં આ રમત મૃત ઘોષિતકરી દેવાઇ હોય એવી શક્યતા પણ છે, લોન્ગ લિવ ધ ગેમ!!!

પણ હું હારીશ નહીં. મેં અવિશ્વાસના પ્રસ્તાવ માટેની અસામાન્ય સાધારણ સભા સામે અપીલ કરી હોવાથી હાઇ કોર્ટના આદેશ અનુસાર જયપુરમાં આવેલી આરસીએના કાર્યાલયો સીલ થઇ ગયા છે. ૩૦ માર્ચે યોજાનારી આગામી અદાલતી સુનાવણીની પ્રતીક્ષા કરો.